**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૯ ટકા

# ગ્રીનસીટીમાં ઈલેકટ્રીક વ્હિકલ પોલિસીને આવકાર

## વાયુ પ્રદૂષણને કાબુમાં રાખવા માટે આગામી દિવસોમાં ઈલેકટ્રેડ વ્હીકલને પ્રોત્સાહન આપવુ જ પડશે : રાજ્ય સરકાર ૫૨૮ સ્થળોએ ચાર્જીંગ સ્ટેશન શરૂ કરશે

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના નાગરિકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રાજ્ય સરકારે નાગરિકોને સુરક્ષિત અને સ્વચ્છ પર્યાવરણની ભેટ આપવા માટે ઈલેક્ટ્રીક વાહન પોલિસી જાહેર કરી છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવાના આગોતરા પગલાં સ્વરૂપે જાહેર કરાયેલ ઈલેક્ટ્રીક વાહન પોલિસીને ગ્રીનસીટી ગાંધીનગરના નાગરિકોએ ઉમળકાભેર આવકાર આપ્યો છે. તમામ પ્રકારના ઈવી વાહનોની ખરીદી પર રાજ્ય સરકારે ભારે સબસીડીની જાહેરાત કરી હોવાથી આ પોલિસી આમ જનતા માટે આકર્ષક બની રહી છે.

આગામી સમય ઈલેક્ટ્રીક વાહનોનો છે. ઈવી વાહનોનું વૈશ્વિક માર્કેટ જે રીતે આગળ વધી રહ્યુ છે તે જોતા આગામી દાયકો ઈલેક્ટ્રીક વાહનોનો છે તેમાં કોઈ બેમત નથી. હાલના સમયમાં પર્યાવરણ બચાવવાની જે જરૂરીયાત ઉભી થઈ છે તેમાં ઈલેક્ટ્રીક વાહનો ખૂબ મદદરૂપ બની શકે છે. ઈ-વ્હિકલના કારણે માત્ર ગુજરાત રાજ્યમાં જ કાર્બનના ઉત્સર્જનમાં અંદાજે ૬ લાખ ટનનો ઘટાડો થશે. આ ઉપરાંત ધ્વનિ પ્રદૂષણમાં પણ




ખૂબ ઘટાડો થશે.

રાજ્ય સરકારે રાજ્યના નાગરિકોને ભવિષ્યમાં સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણની ભેટ આપવા અને પેટ્રોલ-ડીઝલના વાહનો પર ભારણ ઘટાડવા ઈ-વ્હીકલ એટલે કે ઈલેક્ટ્રીકસીટીથી ચાલતા વાહનો માટેની નવી નીતિની જાહેરાત કરી છે.

રાજ્ય સરકારે ઈવી વાહનોની ખરીદી માટે સબસીડી આપવાની જાહેરાત કરી છે જે ખૂબ જ આકર્ષક બની રહી છે. ટુ વ્હીલર ઈવી ખરીદનારાઓને ૨૦ હજાર, થ્રી વ્હીલર માટે ૫૦ હજાર અને ૪ વ્હીલર માટે ૧.૫૦ લાખ રૂ. સુધીની સબસીડી મળશે. આ તમામ વાહનોનું આરટીઓ રજીસ્ટ્રેશન વિનામૂલ્યે થશે. જેનો લાભ ખાનગી અને કોમર્શિયલ વાહનોને પણ મળશે. રાજ્ય સરકાર આ માટે ૮૭૦ કરોડ રૂપિયાનો આર્થિક બોજ ઉપાડશે. ઈલેક્ટ્રીક વાહનોની સંખ્યા આગામી ૪ વર્ષમાં ૨ લાખ સુધી પહોંચાડવાની રાજ્ય સરકારની નેમ છે. ઈવી વાહનો વધતા ચાર્જીંગ સ્ટેશન વધારવાની જરૂરીયાત પણ ઉભી થશે. હાઈવે, હોટલ જેવા સ્થળોએ ૫૨૮ જેટલા ચાર્જીંગ સ્ટેશન ખોલવાનું પણ આયોજન છે.

રાજ્ય સરકારની આ નીતિથી ગાંધીનગરના રહેવાસીઓ ખૂબ ખુશ છે. ગાંધીનગરાઓ રાજ્ય સરકારની ઈ.વી. પોલિસીના ભરપેટ વખાણ કરી તેને આવકારી રહ્યાં છે. પેટ્રોલ ડીઝલ જેવા ઈંધણની કિંમતોમાં છેલ્લા એક વર્ષમાં જ ૩૫ ટકાનો વધારો થયો છે. ગાંધીનગર જેવા શહેરમાં એક સ્થળેથી બીજા સ્થળ સુધી જવા માટે ફરજીયાત વાહનની જરૂર પડે છે. આવા સમયે ઈલેક્ટ્રીક વાહનો અને તેના ચાર્જીંગ સ્ટેશન સરળતાથી ઉપલબ્ધ થાય તો ગાંધીનગરાઓ આનંદિત બને જ. વળી આ વાહનો ઈકો ફ્રેન્ડલી હોવાથી શહેરના વાતાવરણને સ્વચ્છ રાખવામાં મદદરૂપ બની શકે છે.

## જન્મદિને વધામણી



બળવંતરાય જે. શુક્લ
નિવૃત્ત આચાર્ય, સે.૨૮
મો. ૯૮૨૪૫ ૬૬૯૬૮



પુષ્પાબેન પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



રશ્મિ મીતેષ મોદી




યશ પટેલ



હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧

## ‘આર્ષ’ વ્યાખ્યાનમાળામાં ૨૬મીએ વ્યવહારિક પ્રવૃત્તિ અને અધ્યાત્મ સાધના વિષયે ઓનલાઈન વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સુપ્રસિધ્ધ અક્ષરધામ આયોજિત આર્ષ વ્યાખ્યાનમાળામાં આગામી તા. ૨૬મી જુને સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સારંગપુર સ્થિત બીએપીએસ સંસ્કૃત મહા વિદ્યાલયના પ્રાચાર્ય તેમજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યક્ષ વિદ્વાન પૂ. આત્મતૃપ્તદાસ સ્વામીનું પ્રવચન યોજાશે. આ સાથે પૂ. વિવેકસાગરદાસ સ્વામી આર્શીવચન પાઠવશે. અક્ષરધામ સેન્ટર ફોર એપ્લાઈડ રીસર્ચ ઈન સોશિયલ હાર્મની ‘આર્ષ’ દ્વારા ચાલી રહેલી ત્રૈમાસિક પ્રવચનમાળાના ૯૬ના મણકામાં ચિંતન તત્વજ્ઞાન અંતર્ગત વ્યવહારિક પ્રવૃત્તિ અને અધ્યાત્મ સાધના વિષયને અનુલક્ષીને વ્યાખ્યાન યોજાશે.

# સિવિલમાં નોન-કોવીડ વોર્ડ શરુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી નોન કોવીડ સારવાર બંધ હતી. કોરોનાનો કેસ વધતા ૯૦૦ બેડની હોસ્પિટલને કોવીડમાં ફેરવી દેવાઈ હતી. જયારે હાલના સમયે કોવીડ દર્દીઓ નહીવત હોવાથી તમામ વોર્ડ શરુ કરી નોન કોવીડ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે.

ગાંધીનગર સિવિલમાં ૯૦૦ બેડની હોસ્પિટલમાં થોડા સમય અગાઉ કોવીડ દર્દીઓથી ઉભરાતી હતી. કોરોનાના કેસ વધતા દર્દીઓની એડમીટ થવા માટે લાંબી લાઈનો લાગતી હતી.ત્યારે હાલ કોરોના કેસમાં ઘટાડો થતા કોવીડ વોર્ડ બંધ કરી દેવામાં આવ્યા છે. માત્ર ત્રીજા માળે જ કોવીડ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલના ૫ માં માળથી ૮ માળ સુધીના વોર્ડ કાર્યરત થઈ ગયા છે. જેમાં હાલ વિવિધ બિમારીના દર્દીઓ સારવાર હેઠળ છે. ગાંધીનગર સિવિલમાં ઓર્થોપેડીક, સર્જરી, ઈએનટી, ટીબી, માનિસક બિમાર, અને મેડીસીન વોર્ડ શરુ થઈ ગયો છે. નોન કોવીડ દર્દીઓની સારવાર મળી રહે તે દિશામાં તંત્ર એ પણ કામગીરી તેજ કરી છે. જયારે દર્દીઓને ખાસ કોઈ તકલીફનો સામનો ન કરવો પડે તેની પણ તકેદારી રાખવામાં આવી રહી છે. જયારે નોન કોવીડની સારવાર શરુ થતા દર્દીઓને રાહત થઈ છે.

### સિવિલમાં મ્યુકર માઈકોસિસના ૧૦ દર્દી સારવાર હેઠળ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાના સમયગાળા પછી મ્યુકર માઈકોસિસે માથુ ઉચક્યું હતું. સિવિલ તંત્ર દ્વારા તાત્કાલીક દર્દીઓ આવતા નવો વોર્ડ શરુ કરાયો હતો. ત્યારે મ્યુકર માઈકોસિસના વોર્ડમાં દર્દીઓની સંખ્યા વધુ માત્રામાં હતી. ત્યારે મ્યુકરના કેસમાં પણ ગાંધીનગરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. હાલના સમયે માત્ર ૧૦ જ દર્દીઓ મ્યુકર માઈકોસિસના વોર્ડમાં સારવાર હેઠળ છે. આ દર્દીઓ પણ સ્વસ્થ થતા તેઓને રજા આપી દેવામાં આવશે. ત્યારે મ્યુકર માઈકોસિસ વિભાગ પણ થોડા સમયમાં બંધ થાય તેમ લાગી રહ્યું છે.

# આઈટીઆઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરના પરિણામ જાહેર કરવા ઉમેવારોની માંગ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં કર્મયોગી ભવન ખાતે આઈટીઆઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરની પરિક્ષા આપી ચુકેલા ઉમેદવારો એકઠા થયા હતા. પરિક્ષા આપ્યા બાદ પણ વર્ષ વિતી જવા છતા પરિણામ ન આવતા ઉમેદવારો ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ઓફિસે આવી પહોચીને હોબાળો મચાવ્યો હતો. ઉમેદવારોએ પરિણામ વહેલી તકે જાહેર કરવા માટે અધિકારીઓને અલ્ટીમેટમ આપ્યું છે. જયારે હજુ પણ પરિણામ જાહેર કરવામાં વિલંબ કરવામાં આવશે તો સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાની ચિમકી પણ ઉમેદવારોએ ઉચ્ચારી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બે વર્ષ અગાઉ ૨૩૬૭ ઉમેદવારોની આઈટીઆઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર માટે પરિક્ષા લેવાઈ હતી. ત્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનું કામ મંથર ગતિએ ચાલતુ હોવાનું ઉમેદવારો કહી રહ્યા હતા. ૭ ટ્રેડનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે.જયારે બાકીના ટ્રેડનું પરિણામ જાહેર કરવામાં આવ્યું નથી. ત્યારે રાજયભરમાંથી આઈટીઆઈ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર ઉમેદવારો રાજયભરમાંથી ગાંધીનગર આવી પહોંચ્યા હતા. ઉમેદવારો કર્મયોગી ભવન ખાતે આવેલી ગૌણ સેવા પસંદગી મંડળની ઓફિસે પહોંચી ગયા હતા. ઉમેદવારોના પ્રતિનિધી મંડળે મંડળના ચેરમેન સાથે બેઠક યોજી હતી જેમાં મંડળ દ્વારા ૧૫ જુલાઈ સુધીમાં પરિણામ જાહેર કરી દેવાની હૈયાધારણા આપી હતી. જયારે ઉમેદવારોએ પરિણામ વહેલી તકે જાહેર નહી કરવામાં આવે તો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# લો યુનિવર્સિટીના કર્મચારીનું ઝેરી મેલેરીયાથી મોત

રાયસણ સ્થિત નેશનલ લૉ યુનિવર્સિટીના એડમિન વિભાગમાં કાર્યરત ૫૮ વર્ષીય કર્મચારી રમેશભાઈ ઈશ્વરભાઈ પટેલનું ઝેરી મેલેરીયા થયા બાદ અવસાન થયું છે. યુનિવર્સિટીના સંનિષ્ઠ કર્મચારીનું ટૂંકી માંદગી બાદ અવસાન થતા યુનિવર્સિટી દ્વારા એક દિવસનો શોક જાહેર કરાયો હતો.

૨૦૦૪માં નેશનલ લૉ યુનિવર્સિટીનો પ્રારંભ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો ત્યારથી રમેશભાઈ પટેલ એડમિન વિભાગમાં ઓફિસ એટેડન્ટ તરીકે જોડાયા હતા. નિખાલસ સ્વભાવ તેમજ કામ પ્રત્યેની નિષ્ઠાના કારણે રમેશભાઈએ સ્ટાફમાં આગવી ઓળખ ઉભી કરી હતી. નિર્વ્યસની રમેશભાઈ પટેલ ચારેક દિવસ અગાઉ પોતાની ફરજ પર હાજર થયા હતા ત્યારે તેઓએ નાદુરસ્તી અનુભવી હતી. ત્યારબાદ વધુ તબિયત બગડી હતી અને ઠંડી સાથે તાવ આવ્યો હતો. તેઓની તબિયત વધુ લથડતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં તેઓને દાખલ કરવામાં આવ્યા હતા. જયાં રીપોર્ટ કરાવાતા ઝેરી મેલેરીયા હોવાનું નિદાન થયું હતું. જો કે સારવાર દરમિયાન જ અચાનક જ તેઓની તબિયત વધુ લથડી હતી અને તેમનું અવસાન થયું હતું.

યુનિવર્સિટી સ્ટાફમાંથી તેઓ સૌ પ્રથમ નિવૃત્ત થવાના હતા. તેમની નિવૃત્તિને એક જ વર્ષની વાર હતી. રમેશભાઈ પટેલનું ટૂંક માંદગી બાદ અવસાન થતાં યુનિવર્સિટી પ્રશાસન દ્વારા એક દિવસનો શોક જાહેર કરીને તેઓને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ઓનલાઈન ‘યેલ્લો ડે’ ની ઉજવણી




ગાંધીનગર, તા.૨૩

રંગો આપણું જીવન ઉજ્જવળ અને સુંદર બનાવે છે. જયારે આવા બધા રંગોને ઓળખવાની વાત આવે છે, ત્યારે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા જુદા જુદા રંગીન દિવસોની ઉજવણી કરવામાં આવે છે. આજે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ધ્વારા ઓનલાઈન ‘યેલ્લો ડે’ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દરેક બાળકે ખુબ જ ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો. દરેક બાળકોએ ખુબ જ સુંદર યેલ્લો પોશાક પહેર્યો હતો અને સાથે સાથે તેમની મનપસંદ યેલ્લો રંગની વસ્તુઓ પણ બતાવી હતી.

# સેકટર-૩ લાભ કોમ્પ્લેક્ષ પાસે પાર્ક કરેલા ડ્યુએટમાંથી બે લાખની ઉઠાંતરી

## ડયુએટમાં પૈસા મુકી વકીલ ઓફિસમાં જમવા ગયા અને ચોર પૈસા લઈ રફુચકકર

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૩ સ્થિત લાભ કોમ્પ્લેક્ષ પાસે પાર્ક કરેલા ડયુએટ ટુ-વ્હીલરની ડેકીનું લોક તોડી અંદર રહેલા રૂ.૨ લાખની ઉઠાંતરી કરી શખ્સો પલાયન થઈ ગયા છે. સેકટર-૩ માંથી ભરબપોરે રૂપીયાની ચોરી થતા નાગરીકો તેમજ વેપારીઓમાં ભયનો માહોલ છવાયો હતો. સેકટર-૭ પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરી તપાસ આરંભી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડ મકાન ખાતે રહેતા વકીલ રજનીકાંત હરેશભાઈ ચૌહાણ સેકટર-૩ એ સ્થિત લાભ કોમ્પ્લેક્ષમાં દેવાંશી એજ્યુકેશન ટ્રસ્ટ ચલાવે છે. ગતરોજ ૨ વાગે રજનીકાંતભાઈ તેમના મિત્રને પૈસા આપવાના હોવાથી સેકટર-૧૦માં આવેલી એસબીઆઈ બેંકમાં ડયુએટ લઈને ગયા હતા. તેમણે બેંકમાંથી રૂ.૨.૫૦ લાખ ઉપાડી ટુ-વ્હીલરની ડેકીમાં મુક્યા હતા. એસબીઆઈ બેંકથી રૂપીયા લઈ તે સેકટર-૩ સ્થિત લાભ કોમ્પ્લેક્ષની ઓફિસ ખાતે આવ્યા હતા. ત્યાં કોમ્પ્લેક્ષની પાસે ડયુએટ પાર્ક કરીને તેઓ ઓફિસમાં જમવા માટે બેઠા હતા. ત્યારે માત્ર ગણતરીની મિનીટોમાં ચોર શખ્સો ડયુએટની ડેકીનું લોક તોડી અંદર રહેલા રોકડા રૂ.૨ લાખ લઈ રફુચક્કર થઈ ગયા હતા. બનાવ અંગે રજનીકાંતભાઈએ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. ત્યારબાદ સેકટર-૭ પોલીસને ચોરી અંગે જાણ કરતા પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈને સીસીટીવી ફુટેજની ચકાસણી હાથ ધરી હતી. પોલીસે બેંક, કોમ્પ્લેક્ષ તેમજ શહેરના માર્ગ પર લગાવેલા સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરતા તેમાં બે શખ્સો શકમંદ જોવા મળી રહ્યા છે.જે રજનીકાંત ચૌહાણનો પીછો કરતા હોવાનું કેમેરામાં કેદ થયા છે. ટુ-વ્હીલરની ડેકીમાંથી રૂપીયા લઈ દોડતી વખતે હાથમાંથી રૂપીયાનું બંડલ પડી જતા તે શખ્સ પરત આવીને બંડલ ઉઠાવતો હોવાનું સ્પષ્ટ દેખાતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## લાયન્સ મેડીકલ સાધન સહાય કેન્દ્રની મુલાકાત લેતા ધારાસભ્ય સી.જે. ચાવડા



ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત વિસ્તરના માન. ધારાસભ્યશ્રી ડૉ. સી.જે. ચાવડા દ્વારા પરમેન્ટ પ્રોજેકટ લાયન્સ મેડીકલ સાધન સહાય કેન્દ્રની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી. તેઓએ લાયન્સ મેડીકલ સાધન સહાય કેન્દ્રની કામગીરીને બિરદાવી હતી.

ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા દ્વારા લાયન્સ મેડીકલ સાધન સહાયકેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સ વાન માટે તેઓની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી રૂ. ૮ લાખની રકમ ફાળવી હતી. ડૉ. સી.જે. ચાવડા દ્વારા આગામી સમયમાં પણ સેવાકીય પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવાની ખાત્રી આપી હતી. આ પ્રસંગે લાયન્સ કલબ ગાંધીનગરના પ્રમુખ ઉમંગ પંડયા, ખજાનચી મૌલિક ચૌધરી તેમજ કલબના પૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સેવાકીય પ્રવૃત્તિ માટે ગ્રાન્ટ ફાળવવા બદલ પ્રમુખ ઉમંગ પંડયા દ્વારા તેઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. એમ મીડીયા કન્વીનર સંકેત ગોરે જણાવ્યું છે.

## એસ.એસ.વી. શાળામાં ‘ઓલમ્પીક ડે’ની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

દર વર્ષે ૨૩ મી જૂનને ‘આંતરરાષ્ટ્રિય ઓલમ્પીક ડે’ તરીકે ઉજવવામાં આવે છે. હાલ ભારતમાં પણ દર વર્ષે ખેલનું મહત્વ વધી રહ્યું છે. ૧૮૯૪ માં આંતરરાષ્ટ્રિય ઓલમ્પિક કમિટિ બનાવવામાં આવી. જેનો ઉદ્દેશ વધારેને વધારે લોકો રમત ગમત-ઓલમ્પિક માં




રસ દાખવે તથા રમત ગમત એ માનવ જીવનનું અભિન્ન અંગ છે તે સમજાવવાનો છે.

આમતો દર વર્ષે શાળામાં અલગ અલગ રમત-ગમત નું આયોજન કરી આ દિવસ ની ઉજવણી કરાવવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોનાના કારણે બાળકો બહાર જઈ શક્યા નથી તો આવા સમયમાં ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓ એ અલગ અલગ ચાર્ટબનાવીને આ દિવસની ઉજવણી કરી હતી.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા વર્ચ્યુઅલ રીતે યોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

કોરોના કાળમાં નગરજનો કામ વગર ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે અને સરકાર દ્વારા પણ અમુક મેળાવડા માટે મર્યાદીત સંખ્યાનો નિયમ લાગુ છે ત્યારે ૨૧મી જૂન વિશ્વ યોગ દિન નિમિત્તે સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખની બહેનોએ વર્ચ્યુઅલ રીતે ઓનલાઈનના માધ્યમથી પોતાના ઘરમાં, આંગણામાં કે ધાબા ઉપર યોગ કરી યોગ દિવસની ઉજવણી કરી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પ્રજાપતિ શકરાભાઈ માધાભાઈ, ઉ.વ. ૮૨, બાલવા, માણસા
- સ્વ. વાઘેલા હંસાબા તખતસિંહ, ઉ.વ. ૭૩, લીંબોદ્રા, માણસા
- સ્વ. ઠાકોર રાજેન્દ્રકુમાર ડાહ્યાભાઈ, ઉ.વ. ૪૦, મોખાસણ, કલોલ
- સ્વ. પટેલ શારદાબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૩, સેકટર-૨૮

## મહાનગર ભાજપ દ્વારા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૩

મહાન રાષ્ટ્રવાદી નેતા અને ચિંતક, જનસંઘના સ્થાપક, ‘એક દેશ મેં દો વિધાન, દો નિશાન, દો પ્રધાન નહીં ચલેંગે’નો બુલંદ નારો આપનાર, દેશની એકતા અને અખંડિતતા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર પરમ શ્રદ્ધેય ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગર મહાનગરના તમામ ૧૧ વોર્ડમાં ભાજપા સંગઠ્ઠન દ્વારા બુથસ્તરે શ્રદ્ધાંજલિ અર્પણન કરવામાં આવી હતી. આ અંતર્ગત ‘શ્રી કમલમ્’, સેક્ટર-૨૧ ખાતે મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓએ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ દેશ માટે આપેલા અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. વિવિધ વોર્ડમાં બુથમાં ભાજપાના સ્થાનિક સંગઠ્ઠનના હોદેદારો, અગ્રણીઓ, ઉમેદવારો, કાર્યકર્તાઓએ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને સ્મરણાંજલિ અર્પણ કરી હતી.

## સે-૨૫ સૂર્યનારાયણ સોસાયટી ખાતે બગીચાનું રી-ડેવલપમેન્ટ આરંભાયું



ગાંધીનગર, તા.૨૩

સૂર્યનારાયણ સોસાયટી, સેકટર-૨૫માં વિકાસલક્ષી ઘણા કામ અટકી પડેલ છે. જે પૈકી સ્થાનિક વસાહતીઓ દ્વારા અગ્રણી અને સેવાભાવી શ્રી વિજયસિંહ વાઘેલાને રજુઆત કરતાં તેઓએ સરકારશ્રીમાં યોગ્ય જગ્યાએ રજુઆત કરીને ખોરંભે પડેલ બગીચાની રીડેવલોપમેન્ટની કામગીરી પુનઃ શરૂ કરાઈ છે. વસાહતી અગ્રણીઓ ગોપાલભાઈ ભાવસાર, પ્રદ્યુમનસિંહ ગોલ, કનુભાઈ પ્રજાપતિ,અરવિંદભાઈ પટેલ, વિજયસિંહ ડાભી, નિશાંતભાઈ, જે.એમ.પટેલ વગેરેએ આ સોસાયટીના વસાહતી એવા આમ આદમી પાર્ટીના સક્રિય કાર્યકર અને મ્યુનિસિપલ વોર્ડ-૧ ના ઉમેદવારશ્રી વિજયસિંહ વાઘેલાએ સક્રિય રહીને કરેલ નોંધનીય કામગીરી બદલ ધન્યવાદ આપ્યા હતા.